# Visit of External Affairs Minister to Maldives and Mauritius (February 20-24, 2021)

February 18, 2021

# વિદેશ મંત્રીની માલદિવ અને મોરેશિયસની મુલાકાત (ફેબ્રુઆરી 20-24, 2021)

ફેબ્રુઆરી 18, 2021

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર 20-21 ફેબ્રુઆરી 2021 નાં રોજ માલદિવની અને 22-23 ફેબ્રુઆરી 2021 નાં રોજ મોરેશિયસની મુલાકાત પર જશે.

માલદિવની પોતાની મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી મહામહિમ રાષ્ટ્રપતિ ઇબ્રાહિમ મોહમદ સોલિહને મળશે અને વિદેશ મંત્રી, સંરક્ષણ મંત્રી, આર્થિક વિકાસ અને આયોજન અને આંતરમાળખા મંત્રી સાથે નોંધપાત્ર ચર્ચાઓ કરશે. વિદેશ મંત્રી સ્પીકર મોહમદ નાશીદને પણ મળશે અને અન્ય રાજકીય નેતાઓ સાથે પણ મુલાકાત કરશે. આ મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી દ્વિપક્ષીય સંબંધોની તમામ બાબતો તેમજ ચાલું દ્વિપક્ષીય પરિયોજનાઓની સમીક્ષા કરશે અને પ્રવર્તમાન કોવિડ પરિસ્થિતિની તેની કોવિડ-બાદની આર્થિક રીકવરી માટે માલદિવને ભારત તરફથી સહાયતા ચાલું રાખવા પર ચર્ચા કરવામાં આવશે.

મોરેશિયસની પોતાની મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી મહામહિમ પૃથ્વિરાજસિંગ રૂપુન અને મહામહિમ વડાપ્રધાન શ્રી પ્રવિંદ જાગનાથને મળશે. વિદેશ મંત્રી તેઓનાં સમતુલ્ય વિદેશ બાબતો, પ્રાંતિય સંકલન અને આંતરરાષ્ટ્રિય વ્યાપારનાં મંત્રી અને જમીની પરિવહન અને હળવી રેઇલનાં મંત્રી શ્રી એલાન ગાનૂને પણ મળશે. આ મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી આપણા દ્વિપક્ષીય સંબંધોનાં તમામ પાસાઓ, ભારત દ્વારા મોરેશિયસમાં હાથ ધરવામાં આવી રહેલી વિવિધ આંતર માળખાકીય પરિયોજનાઓનાં ચાલું અમલીકરણની સમીક્ષા કરશે, અને મોરેશિયસને ભારતની સહાયતા સહિત પારસ્પરિક હિતનાં દ્વિપક્ષીય, પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચાઓ યોજશે.

માલદિવ અને મોરેશિયસ એમ બન્ને હિન્દ મહાસાગર પ્રાંતમાં ભારતનાં મહત્વનાં મેરિટાઇમ પાડોશીઓ છે અને વડાપ્રધાનનાં ‘SAGAR’ (પ્રાંતમાં તમામ માટે સુરક્ષા અને વૃદ્ધિ) વિઝનમાં ખાસ સ્થાન ધરાવે છે. વિદેશ મંત્રીની મુલાકાત એ અગત્યતાની સાક્ષી છે કે ભારત માલદિવ અને મોરેશિયસ સાથે નિકટનાં

સંબંધઓથી જોડાયેલો છે અને બે દેશો વચ્ચે નોંધપાત્ર સહકાર અને મજબૂત લોકો વચ્ચેનાં જોડાણો માટે વધુ વેગ આપવાનું અપેક્ષિત છે.

**નવી દિલ્હી**
**ફેબ્રુઆરી 18, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.